ફો.કે.નં. ૮૬૨૫/૨૦૧૬

<u>આંક–૧ હેઠળ હુકમ</u>

કેસ પેપર્સ વંચાણે લીધા.હાલનો કેસ પોલીસ તપાસના ચાર્જશીટ આધારેનો સમન્સ ટ્રાયેબલ કેસ છે. આ કામે આરોપી/સાહેદને હાજર રાખવા પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે સદર પ્રોસેસ આરોપી જણાવેલ સરનામે રહેતા ના હોવાના શેરા સાથે પરત ફરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે નવુ સરનામુ મેળવી પ્રોસેસ કરવાની કાર્યવાહી કરેલ હોવાનુ જણાઈ આવતુ નથી. ફરીયાદીને નોટીસ કાઢતા નોટીસ બજેલ પરત છે, પરંતુ ફરીયાદી આજરોજ નામ. કોર્ટ માં હાજર રહેલ નથી. જે નોટીસ આંક–૨૧ થી રજુ છે. આ કેસની વધુ કાર્યવાહી આગળ વધી શકતી નથી અને કેસમાં કોઈ પ્રોગેસ નથી. આજરોજ નામદાર ગુજરાત હાઈકોર્ટની ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીનાપત્રનં. ૩૧૯૯/૨૦૨૨, તા. ૦૭/૧૨/૨૦૨૨ ના અનુસંધાને આજરોજ સ્પેશ્યલ સીટીંગ નુ આયોજન કરવા મા આવેલ છે. સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી ક્રી.પ્રો.કોડ કલમ ૨૫૮ અન્વયે કાર્યવાહી બંધ કરી નીકાલ કરવા તથા તમામ મૃતપાય કેસો (ડેડવુડ) કેસો આઈડેન્ટીફાઈ કરી ડીસ્પોઝ કરવા જણાવવામાં આવેલ છે. હાલના કેસમાં પોલીસ એજન્સી તથા પ્રોસીકયુશન એજન્સી આરોપી/સાહેદોને પ્રોસેસ બજાવવામાં નીષ્ફળ નીવડેલ છે અને કાર્યવાહી નજીકમાં ભવિષ્યમાં આગળ ચાલી શકે તેવી કોઈ શકયતા જણાતી નથી.તેમજ કેસની કાર્યવાહી ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયક પરીણામ મળવાની શકયતા નથી.જેથી હાલના કેસના પ્રકાર ને,સજાની જોગવાઈને,પ્રવર્તમાન વલણને તથા ઉપરોકત સ્ટેટ લીગલ સવીસ ઓથોરીટી ના પત્રને ધ્યાનમાં લઈને હાલના તબકકે કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૮ અન્વયે બંધ રાખવી ન્યાયોચીત જણાય છે.જેથી હાલના કેસની કાર્યવાહીક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૮ અન્વયે બંધ કરવા અને કેસ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

ફરીયાદી ને ક્રિ.પ્રો.કો.કલમ ૩૦૦(૫) અન્વયે સદર કામ ફરીફાઈલે લેવા કોઈ બાધ આવશે નહી.

આરોપીએ જો જામીનગીરીની રોકડ રકમ કોર્ટમાં જમા કરાવેલ હોય તો તે રકમ અપીલ સમય વીત્યે સરકાર ખાલસા કરવી. તેમજ મુદૃામાલ જો હોય તો તે અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વીત્યે કાયમ કરવામાં આવે છે તેમજ જો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલનો અપીલ સમય વીત્યે નીયમ મુજબ નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્ઘામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવા હુકમ કરવા મા આવે છે.

હુકમ આજરોજ તા. ૧૩ મી મે, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩

(જીતેન્દ્ર પ્રભુદાસ પ્રજાપતિ)
GJ01121
૧૭મા એડી. સીની. સિવિલ જજ
અને એ.સી.જે.એમ., સુરત.